@loksattajansatta @LoksattaJansatta www.loksattanews.co.in
નિડર અને નિષ્પક્ષ

લોકસત્તા જનસત્તા

LOKSATTA JANSATTA (Mon, 06 September 2021)

Group Editor : Anil Devpurkar CMD : Sanjay Shah • Phone: 0265 2787181 • Fax: 0265 2791781

ભરૂચ ખાતે જિલ્લા પ્રભારી સચિવ શાહમીના હુસેનના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ

સમાજના છેવાડાના માનવીને યોજનાઓનો લાભ પહોંચાડવા માટે અધિકારીઓને સૂચન

ભરૂચ, તા.૫

ભરૂચ જિલ્લાના પ્રભારી સચિવ શાહમીના હુસેને ગઇ કાલે કલેક્ટર કચેરી- ભરૂચના સભાખંડ ખાતે જિલ્લા કલેક્ટર ડો. એમ.ડી.મોડિયા, જિલ્લા વિકાસ અધિકારી યોગેશ ચૌધરી સહિત વિવિધ વિભાગના અધિકારીઓ સાથે ગુડ ગવર્નન્સના ભાગરૂપે કામગીરીના આયોજન સંદર્ભે બેઠક યોજી સામાન્ય માનવીની આશા અપેક્ષાઓ સંતોષાય અને સરકારનું તંત્ર લોકોની સારી સેવા કરી રહ્યું છે એવો વિશ્વાસ પેદા કરી નાગરિકોને સુશાસન અને પારદર્શક વહીવટની સાચા અર્થમાં પ્રતીતિ કરાવવા ઉપયોગી માર્ગદર્શન પુરુ પાડયું હતું. સમાજના છેવાડાના માનવીને રાજ્ય સરકારની પ્રજા કલ્યાણની યોજનાઓના મળવા પાત્ર લાભો સામે ચાલીને પહોંચાડી પ્રશાસનિક સંવેદનશીલતાની અનુભૂતિ કરાવવા અધિકારીઓને અનુરોધ કર્યો હતો. સમાજનો એક પણ વ્યક્તિ સરકારની યોજનાઓના લાભથી વંચિત ન રહી જાય તે માટે દરેક વિભાગે કાર્ય યોજના ઘડી કાઢવા અધિકારીઓને તેમણે તાકીદ કરી હતી.

પ્રભારી સચિવએ ભરૂચ જિલ્લાના અંતરિયાળ ગામડાઓમાં માળખાકીય સુવિધાઓની ખૂટતી કડીઓની સત્વરે પૂર્તતા કરવા સાથે જિલ્લાના દરેક વિભાગે પોતાના વિભાગને લગતી યોજનાઓ નાગરિકોને ખૂબ સારી રીતે મળે તે દિશામાં કામગીરી કરવાની પણ હિમાયત કરી હતી.

જનસેવા- ઇધરા કેન્દ્રોમાં પણ નાગરિકો સારી સેવા મળે તે પ્રમાણેની કામગીરી કરવા સાથે દરેકે વિભાગને અનેકવિધ બાબતોએ ઉપયોગી માર્ગદર્શન પુરુ પાડયું હતું. જે તે વિભાગ દ્વારા થયેલી કામગીરીને રોજે રોજ સી.એમ. ડેસબોર્ડ પર અપડેટ કરવાની પણ સૂચના આપી હતી. આરોગ્ય વિષયક બાબતે ઉપયોગી માર્ગદર્શન આપતા જિલ્લામાં થયેલી વેક્સિનેશનની કામગીરીની જાણકારી મેળવી કોરોના સામે સુરક્ષા કવચ પુરું પાડતી કોરોના રસીકરણની કામગીરીને પણ વધુ સઘન બનાવી સો ટકા લક્ષ સિદ્ધ કરવા જણાવ્યું હતું. આ બાબતે કામગીરીના આયોજન સંદર્ભે આપેલી સુચનાઓનો જિલ્લામાં ચુસ્ત અમલવારી કરાશે તેવી ખાત્રી કલેક્ટર ડો. એમ.ડી.મોડિયા આપી હતી. બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર જે.ડી.પટેલ, પ્રાયોજન વહીવટદાર અસારી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક લતા, જિલ્લા પ્રાંત અધિકારીઓ, જિલ્લાના સંબંધિત વિભાગના અધિકારીગણ ઉપસ્થિત રહયા હતા.

રાજપીપળા સિવિલ હોસ્પિ.ના ગોકળ ગતિએ ચાલતા કામથી આરોગ્ય મંત્રી રોષે ભરાયા

તમામ જવાબદાર આધિકારીઓને રિપોર્ટ લઇ ગાંધીનગર બોલાવ્યા

રાજપીપલા, તા.૫

રાજપીપલાની નવી ૨૦૦ બેડની હોસ્પિટલ લગભગ ૬ વર્ષથી વિવાદમાં આવતા કામગીરી ઘોચમાં પડી છે બે કોન્ટ્રાકટરની લડતમાં રાજપીપલા સહીત જિલ્લાના લોકોને સુવિધાઓ મળતી નથી. ઉપરથી જીવન જોખમે જૂની જર્જરિત સિવિલમાં સારવાર કરાવી રહ્યા છે, ત્યારે જો નવી સિવિલ હોસ્પિટલ બની ગઇ હોત તો લોકોને આરોગ્ય લક્ષી સુવિધા મળી રહેત પરંતુ આ વિવિદ હટાવવો જરૂરી હોય રાજપીપલા માં શિક્ષક દિવસ ની ઉજવણીમાટે આવેલ આરોગ્ય મંત્રી કિશોરભાઇ કાનાણી આવ્યા હતા ત્યારે તેમની સાથે ભાજપ પ્રમુખ ઘનસ્યામ પટેલ, કમલેશ પટેલ સહીત સિવિલ સર્જન જ્યોતિબેન ગુપ્તા, જિલ્લા આરોગ્ય આધિકારી કે.પી.પટેલ સહીત આરોગ્ય આધિકારીઓ હાજર રહ્યા હતા. કિશોરભાઇ કાનાણી એ રાજપીપલા ની વિવિદાસ્પદ સિવિલ હોસ્પિટલ જે વર્ષોથી આધુરી છે તેની મુલાકાત કરી કેમ અપૂરું કામ છે કઈ સમસ્યા છે જે તમામની માહિતી લઈ આને અધિકારીઓ અને કોન્ટ્રાકટરોનો ઉધડો લીધો હતો અને ગાંધીનગર રિપોર્ટ લઈને બોલાવ્યા હતા. જ્યારે સામે આવેલી નર્સિંગ સ્કૂલની પણ મુલાકાત લીધી હતી અને જ્યા કેવી સુવિધાઓ આપવામાં આવી રહી છે જેની પણ ખાતરી કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે નર્મદા ની હાલ ગણાતી સંજીવની રાજપીપલા ની સિવિલ હોસ્પિટલ છે પરંતુ જે નવી બને છે તે જીતનગર ગામે બને છે રાજપીપલા થી ૬ કિમિ દૂર ત્યારે આટલી દૂર સિવિલ હોસ્પિટલ થી લોકો પરેશાનીમાં મુકાશે એવી કમલેશ પટેલે રજૂઆત કરતા આ સિવિલ હોસ્પિટલ નું રીનોવેશન કરી અહીંયા ઓપીડી ચાલશે અને રાજપીપલા સિવીલી નવા બિલડીંગ માં પણ ઓપીડી અને દાખલ કરવામાં આવશે.એટલે રાજપીપલા શહેરના લોકોને તકલીફ ના પડે આ બાબતે પણ આરોગ્ય મંત્રીએ સહમતી આપી હતી.

ભરૂચના જ્યોતિનગરથી સંજય કોલોની વચ્ચે પેવર બ્લોક રોડનું સમારકામ શરૂ

રોડના કામમાં ભ્રષ્ટાચાર થયો હોવાનો જાગૃત નાગરિકો દ્વારા આક્ષેપ

ભરૂચ, તા.૫

ગત ચોમાસા દરમીયાન ભરૂચના જ્યોતિનગરથી કોલેજ રોડ જોડતો માર્ગ અતિ બિસ્માર બની ચુક્યો હતો. રોડમાં ઠેર ઠેર ખાડા પડી જતાં વાહન ચાલકો તેમજ રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. લોકોના આક્રોશને શાંત કરવા થોડા થોડા સમયે કાચા માલથી થીગળાં મારવામાં આવતું હતું. પણ ઘેરાયેલાં પાણીનો કોઈ ચોક્કસ નિકાલ ન હોવાથી માર્ગ ફિરથી બિસ્માર બની જતો હતો. જેમાં ખાસ કરીને જ્યોતિનગરથી સંજય કોલોની સુધીનો માર્ગ અતિબિસ્માર બની ચુક્યો હતો. જોકે આ માર્ગને આધુનિક ઢબે બનાવવાનું નક્કી કર્યા બાદ તેને તંત્ર દ્વારા પેવર બ્લોકથી બનાવવામાં આવ્યો હતો. જેના ખાત મુહુર્ત બાદ ત્રણ મહિના સુધીની કામગીરી ચાલ્યા બાદ રોડના બંને છેડે ૧ જૂન ના રોજ તેનું ભરૂચના ધારાસભ્ય સહિતના સત્તાપક્ષના નેતાગણ દ્વારા પૂજાવિધિ કરી તેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. પણ જાણે કુદરતને આ મંજુર ન હોય તેમ ભરૂચ ધારાસભ્ય સહિતના લોકો રોડના પશ્ચિમ છેડે પૂજા વિધિ કરી હતી તે જ જગ્યા થોડા સમય બાદ બેસી જતાં ત્યાં પાણીનો ઘેરાવો થતો હતો. રોડ બન્યાના થોડા જ સમયમાં પાણીનો ભરાવો થતાં કોન્ટ્રાકટરની કામગીરી અંગે લોકોને શંકા અને કુશંકાઓ ઉભી થઈ હતી. ૮૨ લાખની માતબર રકમથી બનેલ આધુનિક પેવરબ્લોકના રોડની પરિસ્થિતિ બદલાઈ જતાં કોન્ટ્રાકટર અને તંત્ર દ્વારા ભ્રષ્ટાચાર થયો હોવાનું કહેવાય છે. ત્યારે ભરૂચ ધારાસભ્ય અને સત્તાપક્ષના નેતાઓ આ આધુનિક રોડ ટેન્ડર પ્રમાણે બન્યો છે કે નહી તેમજ તેની ગુણવતાની તપાસ કરી બે જવાબદાર લોકો સામે લાલ આંખ કરશે કે પછી ભાઈ ભાઈની નીતિ અપનાવશે, તે તો સમય બતાવશે પણ ભ્રષ્ટાચાર કરવામાં પાવધરા બનેલાઓના પાપે તેમજ પ્રજાના ટેક્સના રૂપિયાથી બનેલા રોડનું ૯૭ દિવસમાં જ સમારકાર પણ શરૂ થઈ ગયું છે.

અંકલેશ્વરનાં દઢાલ પાસે આવેલ અમરાવતી નદી પરનો બ્રિજ ૯ મહિના માટે બંધ કરાયો

અંકલેશ્વર, તા.૫

અંકલેશ્વરના દઢાલ ગામ પાસે આવેલો પુલ ખખડધજ બની જતા આગામીદિવસોમાં તેનું સમારકામ શરુ કરવામાં આવશે. રીપેરીંગ ના કારણે પુલ પરથીનવ મહિના સુધી વાહન વ્યવહાર પર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવ્યો છે. પુલબંધ રહેવાના સંજોગોમાં આ રોડ પરથી અવરજવર કરતા લોકોને ૨૦ કિમીનોવધારાનો ફેરાવો થશે.અંકલેશ્વર થી સ્ટેચ્યુ ઓફ યુનિટી તરફ જતા હાઈવે ઉપર દઢાલ ગામ નજીકઅમરાવતી નદી ઉપરનો બ્રિજ ખખડધજ બની ગયો છે. ૬૧ વર્ષ પહેલા આબ્રિજનું નિર્માણ કરવામાં આવ્યુ હતુ, પણ નિયમિત સમારકામ ના અભાવે પુલજર્જરિત થઇ ગયો છે. આ બ્રિજ પરથી રોજના હજારો વાહનોની અવરજવર રહેતીહોવાથી અકસ્માતનો ભય સેવાય રહયો હતો. છેલ્લે ૨૦૧૨ની સાલમાં પુલનુંરીપેરીંગ કરવામાં આવ્યુ હતુ.દર ચોમાસામાં બ્રિજ પર મસમોટા ગાબડા પડી જતાં હોવાથી વાહનચાલકો ભારેહાલાકીનો સામનો કરતા હોય છે. વર્ષોથી પુલના વ્યવસ્થિત સમારકામના બદલેવહીવટીતંત્ર માત્ર ગાબડાઓ પૂરી ગાડુ ગબડાવી રહયા હતા. પુલના રીપેરીંગબાબતે વિવિધ ઔદ્યોગિક મંડળો દ્વારા પણ રજુઆતો અગાઉ કરવામાં આવી હતી.જિલ્લા વહીવટી તંત્રએ ૧૦ ટનથી વધુ ભારદારી વાહનો ત્યાંથી પસાર થવા પરપ્રતિબંધ લગાવ્યો હોવા છતાં બે રોક ટોક વાહનો પસાર થઇ રહ્યા હતા. હવેસરકારે દઢાલ પાસે આવેલા બ્રિજના રીપેરીંગનું મુહુર્ત કાઢયું છે. આગામી નવમહિના સુધી બ્રિજને વાહન વ્યવહાર માટે બંધ કરી દેવામાં આવતા વાહનચાલકએ મુલદ ચોકડી થઈને ગોવાલી ગામ તરફ થી ઝઘડીયા લાંબુ અંતરકાપીને જવું પડશે.

ટીડીએસમાં વિસંગતતાના લીધે ૬૫ જેટલી કંપનીઓ આઈટી વિભાગની રડારમાં આવી ગઈ

નવી દિલ્હી, તા.૫

એડવાન્સ ટેક્સના બીજા પેમેન્ટની પહેલા જ ૬૦થી ૬૫ નાની - મધ્યમકદ કંપનીઓ આવકવેરા વિભાગની નજરે ચઢી છે. હકીકતમાં આ કંપનીઓએ ટેક્સ ડિડક્શન એટ સોર્સ (ટીસીએસ) માં નકારાત્મક વૃદ્ધિ દર્શાવી જ્યારે તેમના એડવાન્સ ટેક્સ પેમેન્ટમાં તંદુરસ્ત વૃદ્ધિના સંકેત મળ્યા હોવાના લીધે હાલ આઈટી વિભાગ તેમની તપાસ કરી રહી છે. સુત્રોના મતે કર અધિકારીઓની નજરમાં ઓછામાં ઓછી આવી ૬૦થી ૬૫ નાની અને મધ્યમ કદની કંપનીઓના વિસંગત ટીડીસીનો કેસ સામે આવ્યો છે. અધિકારીએ કહ્યુ કે, જો ઉંચા એડવાન્સ ટેક્સ પેમેન્ટને ધ્યાનમાં લઈને ચાલીયે તો ટર્નઓવર અને પ્રોફિટમાં વૃદ્ધિને જોતા ટીસીએસમાં વધારો ન થવો એ સામાન્ય નથી. કર અધિકારીએ કહ્યુ કે, ક્યાંકને ક્યાંક ટીડીએસ સાથે જ છેડછાડ કરવામાં આવી રહી છે. તેમાં ઉંડી તપાસ કરવાની જરૂર છે. અમે આવા કેસોની તપાસ કરી રહ્યા છીએ જેમાં મોટા પ્રમાણમાં ટીડીએસમાં કાપ કરાયો નથી, સાથે જ તપાસના દાયરામાં એવી કંપનીઓ પણ આવી જશે જેમણે ટીડીએસ કાપ્યો હોવા છતાં જમા કરાવ્યો નથી. ટીડીએસમાં ઘટાડાનો મતલબ છે કે આ રકમ અન્યત્ર ખર્ચ કરવામાં આવી રહી છે.

આવા કેસોની ઉંડી તપાસ સીબીડીટી તરફથી જારી કાર્યક્રમ અનુસાર થશે. સમગ્ર વર્ષ માટેનુ કાર્યક્રમ ચાલુ મહિને જારી કરાયુ હતુ. તેમાં વિસંગત પેમેન્ટ અંગે ચિંતા વ્યક્ત કરાઈ હતી અને કર અધિકારીઓને આવા કેસોને સંશોધન માટે સંભવિત કેસો તરીકે લેવા જણાવ્યુ હતુ.

રેપીકટ કાર્બાઈડ્સ લિમિટેડ

Rapicut

CIN : L28910GJ1977PLC002998
Email : investors@rapicutcarbides.com
Website : www.rapicutcarbides.com

■ વાર્ષિક સાધારણ સભા ની નોટીસ

નોટીસ આપવામાં આવે છે કે રેપીકટ કાર્બાઈડસ્ લીમીટેડ ની ૪૪ મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) મંગળવાર, સપ્ટેમ્બર ૨૮, ૨૦૨૧ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે વિડિઓ કોન્ફરન્સ (વીસી)/ અન્ય ઓડિઓ વિઝ્યુઅલ માધ્યમ (ઓએવીએમ) દ્વારા કંપનીઝ એક્ટ ૨૦૧૩ તથા કોર્પોરેટ બાબતો ના મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા સામાન્ય પરિપત્ર નં ૧૪/૨૦૨૦, ૧૭/૨૦૨૦, ૨૦/૨૦૨૦ અને ૦૨/૨૦૨૧ ના પરિપત્રો અને ભારતીય પ્રતિભૂતિ અને વિનિમય બોર્ડ (સેબી) ના સરક્યુલર SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 અને SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11 નું પાલન કરીને નોટીસ માં જણાવેલ સાધારણ કામકાજને બહાલી આપવા યોજાશે.

www.evotingindia.com

■ ઈ-વોટીંગ ની નોટીસ

અનુ નં.	વિગત	પરિશિષ્ટ
૧	[illegible]	[illegible]
૨	[illegible]	[illegible]

લેવા અને ઈ-વોટીંગ કરવા માટે ની સુચનાઓ વાર્ષિક સામાન્ય સભા ની નોટીસ માં જણાવેલ છે.

તા. ૦૪/૦૯/૨૦૨૧
સ્થળ : અંકલેશ્વર

રેપીકટ કાર્બાઈડસ્ લી. વતી
અમિતેષ ડી. શાહ
મેનેજીંગ ડીરેક્ટર

ઇન્ડિયન બેંક Indian Bank
રાજમહલ રોડ શાખા : ગૌતમચેમ્બર, રાજમહલ રોડ, વડોદરા. મો. 9499675486.
E-mail : rajmahalroad.baroda@indianbank.co.in

કબજા નોટીસ (સ્થાવર મિલકત)

તારીખ: 01-09-2021 સ્થળ: વડોદરા

એસ. ઈ. પાવર લિમિટેડ

૧૨મી વાર્ષિક સાધારણ સભા, બુક કલોઝર અને ઈ-વોટિંગની નોટીસ

www.sepower.in
evoting@nsdl.co.in
www.evoting.nsdl.com

તારીખ: સપ્ટેમ્બર ૬, ૨૦૨૧

JHAVERI CREDITS AND CAPITAL LTD.
CIN-L65910GJ1993PLC020371 • Regd. Office - 301 Payal Towers-II, Sayajigunj, Vadodara-390020
Website: www.jhavericommodity.com • E-mail: igc@jhaveritrade.com • Contact no. 0265-6161200/201

NOTICE is hereby given that the 27th Annual General Meeting of the members of M/s Jhaveri Credits & Capital Ltd. will be held through Video Conferencing ("VC") or Other Audio Visual Means ("OAVM"), on Wednesday, 29th September, 2021 at 04:00 PM, to transact the business mention in the notice of AGM sent along with the Director's Report, Auditor's Report and Audited Financial Statements of the Company for the F.Y.2020-21 and also available and downloaded from the Company's website www.jhavericommodity.com and from BSE website at www.bseindia.com and from NSDL website at www.evoting.nsdl.com.

Notice of the AGM and Annual Reports for FY 2020-21, including the remote e-voting instructions have been e-mailed to the members whose email address have been registered with the Company/Depository Participant(s). Pursuant to Section 108 of the Companies Act, 2013, Rule 20 of the Companies (Management and Administration) Rules, 2014 as amended by the Companies (Management and Administration) Amendment Rules, and Regulation 44 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations 2015, the Company is offering e-voting facility for transaction business through e-voting services provided by NSDL.

The remote e-voting period commences on Sunday, 26th September, 2021 (9:00 am) and ends on Tuesday, 28th September, 2021 (5:00 pm). During this period members of the Company, holding shares either in physical form or in dematerialized form, as on the cut-off date of 18th September, 2021 may cast their vote by remote e-voting. The remote e-voting module shall be disabled by NSDL for voting thereafter. Once the vote on a resolution is cast by the member, the member shall not be allowed to change it subsequently.

In case of any queries, you may refer the Frequently Asked Questions (FAQs) for Shareholders and e-voting user manual for Shareholders available at the download section of www.evoting.nsdl.com or call on toll free no.: 1800-222-990 or send a request at evoting@nsdl.co.in.

NOTICE is also given under Section 91 of the Companies Act, 2013 that the Registered of Members and Transfer Books of the Company will remain closed form 18th September, 2021 to 28th September, 2021 (both days inclusive) for the purpose of the Annual General Meeting.

For and on behalf of Board of Directors of M/s Jhaveri Credits & Capital Ltd.
Kamlesh J. Jhaveri - Whole Time Director
DIN:00266242

Date: 03.09.2021
Place: Vadodara

Jan Shikshan Sansthan
Vadodara
Scheme by Ministry of Skill Development & Entrepreneurship
Skill India

REQUIRED DIRECTOR

We are leading voluntary agency working in the field of literacy linked vocational skill development Training to neo/non literates school dropouts and other under privileged youths.
We are looking for a dynamic person to head the organizations as it's Director.

Essential Qualification and Experience :
Second Class Master's Degrees from a recognized University/ Institution or equivalent.
• Seven years experience in a supervisory capacity, preferably but not necessarily, in the field of education or social science.
• Working knowledge of the local language both written and spoken.

Desirable :
• BBA or MBA Diploma Degree.
• Experience in Administration or management / Accounts.
• Experience in leading a team.
• Experience in heading an organization.
• Experience in guiding/conducting of research or education

Age : Maximum 55 years as on the date of application.
Emoluments : As per JSS Board of Management norms.

Terms and conditions :
The position shall be filled purely on contractual basis for a period of ordinarily not exceeding five years out of which the first years of the first term will be the probation period. The BOM may consider renewal of the contract/extension of the contract on the basis of previous year work performance. Eligible candidate will be shortlisted and called for interview by the BOM. Outstation candidate call for interview will be reimbursed to and from II AC rail fare. In case of persons employed in organization would be required to have application sent through proper channel. They would be required to have applications sent from employer at the time of interview. Apply within 7 Days after the date of Publication of Advertisement.

Interested persons send the complete application with pass-port size photo and self attached document to:

The Chairman, Jan Shikshan Sansthan Vadodara
1st Floor, Kachiya Patel Wadi, Shiyabaug,
Vadodara. Ph. : 0265-2422644

હિન્દુસ્તાન ઓઈલ એક્સપ્લોરેશન કંપની લિમિટેડ

CIN: L11100GJ1996PLC029880

કંપનીની ૩૭મી વાર્ષિક સામાન્ય સભા

(www.bseindia.com), નેશનલ સ્ટોક એક્સચેંજ ઓફ ઈન્ડિયા લિમિટેડ (www.nseindia.com) અને NSDL ની વેબસાઇટ (www.evotingindia.com)

vadodara@linkintime.co.in

હિન્દુસ્તાન ઓઈલ એક્સપ્લોરેશન કંપની લિમિટેડ વતી,
સહી/-
જી. જોસેફીન ડેઈઝી
કંપની સેક્રેટરી

સ્થળ: ચેન્નાઈ
તારીખ: ૦૪ સપ્ટેમ્બર, ૨૦૨૧